| | |
|---|---|
| PUBLICATION NAME : | Divya Bhaskar |
| EDITION : | Ahmedabad |
| DATE : | 03/1/2022 |
| PAGE : | 02 |

# કોરોનામાં 70 ટકા ઉદ્યોગસાહસિકોએ યોજના બદલી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

શહેરના ઈડીઆઈ અને ગ્લોબલ આંતરપ્રિન્યોરશિપ મોનિટરના સંયુક્ત પણે ઉદ્યોગસાહસિકો ઉપર કોવિડ મહામારીની અસર પર સરવે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ચોકાવનારી માહિતી બહાર આવી છે કે, મહામારીએ દેશમાં ઉદ્યોગસાહસિકતાઓ ઉપર નકારાત્મક અસર કરતા મહિલાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. કોવિડ-19 મહામારી પ્રેરિત લોકડાઉનના કારણે 2019-20માં ઉદ્યોગસાહિકતાઓની સંખ્યા 33.30 ટકા હતી. જેમાં ઘટાડો થઈને 2020-21ના વર્ષમાં 20.30 ટકા થઈ છે. જેના કારણે અર્લી-સ્ટેજ આંતરપ્રિન્યોરશિપ એક્ટિવિટી ઉપર અસર પડી છે. જેમાં મહિલા ઉદ્યોગસાહસિકોમાં 79 ટકાનો ઘટાડો થયો છે. સરવેમાં 70 ટકાએ વ્યવસાયિક યોજનાઓ બદલી હતી.